# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 05-02-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર મિતલ પટેલ વાંચે છે.

*****************************************************

**1)** દિલ્હી વિધાનસભાની 70 બેઠકો માટે આશરે 58 ટકા મતદાન - મોટાભાગના એક્ઝિટ પોલમાં ભાજપને બહુમતી

**2)** પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે પ્રયાગરાજના મહાકુંભ ખાતે ત્રિવેણી સંગમમાં પવિત્ર સ્નાન કર્યું

**3)** 104 ગેરકાયદેસર ભારતીય સાથેનું અમેરિકન વિમાન અમૃતસર આંતરરાષ્ટ્રીય હવાઈમથકે પહોંચ્યું

**4)** કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહનો સુરક્ષા એજન્સીઓને 'શૂન્ય ઘૂસણખોરી'ને લક્ષ્ય બનાવીને આતંકવાદ સામે લડવા નિર્દેશ

**5)** કેન્દ્રીય ગ્રામીણ વિકાસ મંત્રી શિવરાજસિંહ ચૌહાણે વોટરશેડ યાત્રાનો આરંભ કરાવ્યો

.........................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# DELHI ELECTION

દિલ્હી વિધાનસભાની 70 બેઠકો માટે આશરે 58 ટકા મતદાન થયું છે. ઇવીએમમાં જેમનું ભાવિ ઘડાયું છે તેવા અગ્રણી નેતાઓમાં આમ આદમી પાર્ટીના અરવિંદ કેજરીવાલ, મુખ્યમંત્રી અતિશી, મનિષ સિસોદિયા, ભારતીય જનતા પાર્ટીના પ્રવેશ વર્મા, વિજેન્દર ગુપ્તા, અરવિંદસિંહ લવલી અને રમેશ બિધુડી તથા કોંગ્રેસના નેતાઓ દેવેન્દ્ર યાદવ, સંદીપ દિક્ષીત અને અલકા લાંબાનો સમાવેશ થાય છે.

મોટાં ભાગનાં એક્ઝિટ પોલમાં ભારતીય જનતા પાર્ટીને બહુમતી મળવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

ચૂંટણી પંચે રાજધાનીમાં મુક્ત અને ન્યાયી ચૂંટણી માટે પૂરતી વ્યવસ્થા કરી હતી. શનિવારે મત ગણતરી હાથ ધરવામાં આવશે. દરમિયાન, તામિલનાડુની ઇરોડ-પૂર્વ વિધાનસભા બેઠક અને ઉત્તરપ્રદેશની મિલ્કીપુર બેઠકની પેટાચૂંટણી માટે પણ આજે મતદાન યોજાયું હતું.

# DELHI - CODE OF CONDUCT VIOLATION

દિલ્હી વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને, દિલ્હી પોલીસે 7 જાન્યુઆરીથી 4 ફેબ્રુઆરી સુધીમાં રાજધાનીમાં લાગુ કરાયેલ આદર્શ આચારસંહિતાના ઉલ્લંઘન માટે 1 હજાર 117 કેસ નોંધ્યા છે.

# DELHI-POLICE

દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં બોગસ મતદાનના આરોપોમાં 2 લોકોની અટકાયત કરવામાં આવી છે. શ્રીવાસ્તવે ઉમેર્યું કે, પોલીસ આરોપીઓની પૂછપરછ સાથે તથ્યોની તપાસ કરી રહી છે.

# NEW PM- MAHAKUMBH

## હવે મહાકુંભના સમાચાર

## (MAHAKUMBH OPNING MUSIC)

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે પ્રયાગરાજના મહાકુંભ ખાતે ત્રિવેણી સંગમમાં પવિત્ર સ્નાન કર્યું. સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ કહ્યું કે, સંગમ ખાતે સ્નાન એ દૈવી જોડાણની ક્ષણ છે. તેમણે કહ્યું કે, તેમાં ભાગ લેનારા કરોડો લોકોની જેમ, તેઓ પણ ભક્તિ ભાવનાથી સભર હતા.

શ્રી મોદીએ આશા વ્યક્ત કરી કે, મા ગંગા દેશવાસીઓને શાંતિ, શાણપણ, સારા સ્વાસ્થ્ય અને સંવાદિતાનો આશીર્વાદ આપશે. સાંભળીએ એક અહેવાલ..

# વોઇસ કાસ્ટ : (દિપેન્દ્ર કુમાર)

પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભમાં આગામી ચાર દિવસ દરમિયાન દેશના પ્રખ્યાત કલાકારોના કાર્યક્રમોનું આયોજન કરાશે.

સાંભળીએ એક અહેવાલ..

## (વોઇસ કાસ્ટ – સરફિરોઝી)

## (MAHAKUMBH CLOSING MUSIC)

# PUNJAB-INDIANS DEPORTED

અમેરિકામાંથી પરત કરાયેલા ૧૦૪ ભારતીયોને લઈ અમેરિકન એરફોર્સનું C-17 વિમાન આજે બપોરે પંજાબના અમૃતસર પહોંચ્યુ હતું..

સૂત્રોના જણાવ્યા અનુસાર,30 લોકો પંજાબના ,33 ગુજરાતના અને અન્ય ચંદીગઢ, હરિયાણા, ગુજરાત, મહારાષ્ટ્ર અને ઉત્તર પ્રદેશના છે. અમૃતસર વહીવટીતંત્રે એરપોર્ટ અધિકારીઓ સાથે સંકલનમાં તમામ વ્યવસ્થા કરી છે. આ તમામ લોકોની ચકાસણી અને પૃષ્ઠભૂમિ પ્રક્રિયા ચાલી રહી છે. અમેરિકામાં નવા શાસન પછી દેશનિકાલની આ પ્રથમ ઘટના છે.

પરત ફરેલ ગુજરાતીઓને આવતીકાલે અમૃતસર હવાઈમથકથી અમદાવાદ લવાશે. જેને લઈને અમદાવાદ પોલીસને એલર્ટ કરવામાં આવી છે. આ ગુજરાતીઓમાં અમદાવાદ,મહેસાણા, ગાંધીનગર, સુરત, વડોદરા, પાટણ સહિતના નાગરિકોનો સમાવેશ થાય છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# SHAH-J&K MEETING

**કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે નવી દિલ્હીમાં જમ્મુ અને કાશ્મીરમાં સુરક્ષાની સ્થિતિ પર ઉચ્ચ-સ્તરીય સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી.**

**આ બેઠકમાં શ્રીશાહે જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર જમ્મુ-કાશ્મીરમાંથી આતંકવાદનો સંપૂર્ણ સફાયો કરવા માટે કટિબદ્ધ છે. ગૃહમંત્રીએ તમામ સુરક્ષા એજન્સીઓને 'શૂન્ય ઘૂસણખોરી'ને લક્ષ્ય બનાવીને આતંકવાદ સામેની લડતને આગળ વધારવાનો નિર્દેશ આપ્યો હતો.**

**શ્રી શાહે નવા ફોજદારી કાયદાઓના સમયસર અમલીકરણને ધ્યાનમાં રાખીને એજન્સીઓને ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીની જગ્યાઓ પર નવી નિમણૂકો કરવા સૂચના આપી.**

**આ બેઠકમાં જમ્મુ-કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિંહા, કેન્દ્રીય ગૃહ સચિવ, ઇન્ટેલિજન્સ બ્યૂરોના ડાયરેક્ટર, મુખ્ય સચિવ અને જમ્મુ-કાશ્મીરના પોલીસ મહાનિર્દેશક સહિત વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા.**

કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહે ગઈકાલે પણ જમ્મુ-કાશ્મીરમાં સુરક્ષાની સ્થિતિ પર સમીક્ષા બેઠક યોજી હતી. જેમાં ચીફ ઓફ આર્મી સ્ટાફ, જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી, ગૃહ સચિવ અને ગૃહ મંત્રાલય અને સેનાના અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# TRIPURA-AMIT SHAH-EMPLOYMENT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે અગરતલામાં ફાર્માસિસ્ટ, લેબોરેટરી ટેકનિશિયન અને મલ્ટી-ટાસ્કિંગ સ્ટાફના પદો સહિત લાયક ઉમેદવારોને નિમણૂક પત્રોનું વિતરણ કર્યું.

કાર્યક્રમને વર્ચ્યુઅલી સંબોધતા શ્રી શાહે જણાવ્યું કે, આજે નિમણૂક પત્રો મેળવનારા 2 હજાર 806 લાભાર્થીઓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિકસિત ત્રિપુરા અને વિકસિત ભારતના પ્રયાસોનો ભાગ બન્યા છે.

# SHIVRAJ-WATERSHED YATRA

કેન્દ્રીય ગ્રામીણ વિકાસમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે આજે "જલ લાવે ધન-ધાન્ય" થીમ સાથે હાઇબ્રિડ મોડમાં વોટરશેડ યાત્રાનો આરંભ કરાવ્યો. શ્રી ચૌહાણે જણાવ્યું કે, વોટરશેડ યાત્રા દેશભરમાં પાણી સંગ્રહ સંરચના અને જમીન સંરક્ષણને પ્રોત્સાહન આપશે. તેમણે વધુને વધુ લોકોને આ ઝુંબેશમાં જોડાવા અપીલ કરી હતી

**(બાઇટ: શિવરાજસિંહ ચૌહાણ - કેન્દ્રીય ગ્રામીણ વિકાસ મંત્રી)**

વોટરશેડ વિકાસ પ્રવૃત્તિઓ વિશે જાગૃતિ લાવવાનો હેતુ ધરાવતી આ જન સંપર્ક ઝુંબેશ 26 રાજ્યો અને 2 કેન્દ્રશાસિત પ્રદેશોમાં 6 હજાર 673 ગ્રામ પંચાયતોને આવરી લેશે.

# SUMIT NAGAL-ROSARIO CHALLENGER

રોઝારિયો ચેલેન્જર ટેનિસમાં, ભારતીય સ્ટાર ખેલાડી સુમિત નાગલ આજે રાત્રે આર્જેન્ટિનામાં પુરુષ  સિંગલ્સના પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં બોલિવિયાના હ્યુગો ડેલિયનનો સામનો કરશે.

અગાઉ, સુમિત નાગલે આર્જેન્ટિનાના રેન્ઝો ઓલિવો સામે વિજય મેળવીને પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું હતું.

# CRICKET-RANJI TROPHY

રણજી ટ્રોફી ક્રિકેટમાં વર્તમાન ચેમ્પિયન મુંબઈ અને હરિયાણા વચ્ચે રમાનાર ક્વાર્ટર ફાઇનલ મેચનું સ્થળ હરિયાણાના લાહલીથી કોલકાતા ખસેડાયું છે. આ મેચ 8 થી 12 ફેબ્રુઆરી સુધી ઈડન ગાર્ડન્સમાં રમાશે.  સ્થળ પરિવર્તન માટે કોઈ પણ ઔપચારિક કારણ નથી અપાયું.

# AGA KHAN- DIED

ઇસ્માઇલી મુસ્લિમોના આધ્યાત્મિક નેતા આગા ખાન IV નું પોર્ટુગલમાં 88 વર્ષની વયે અવસાન થયું છે. તેઓ 20 વર્ષની વયે ઇમામ બન્યા. તેમણે

આગા ખાન ડેવલપમેન્ટ નેટવર્કનું નેતૃત્વ કર્યું, 30 દેશોમાં આરોગ્ય, શિક્ષણ અને આજીવિકામાં સુધારો કર્યો.

તેઓ મુસ્લિમ સમાજ અને પશ્ચિમ વચ્ચે પુલ બનાવવા માટે જાણીતા છે. પ્રિન્સ કરીમ આગા ખાન ઇસ્માઇલી મુસ્લિમોના 49મા વારસાગત ઇમામ હતા. તેમણે 1957 માં 20 વર્ષની વયે ઇસ્માઇલી મુસ્લિમોના ઇમામ તરીકે તેમના દાદાના સ્થાને આવ્યા.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આગા ખાન IV ના નિધન પર દુઃખ વ્યક્ત કર્યું. સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ કહ્યું કે, પ્રિન્સ કરીમ આગા ખાન એક સ્વપ્નદ્રષ્ટા હતા, જેમણે પોતાનું જીવન સેવા અને આધ્યાત્મિકતા માટે સમર્પિત કર્યું.

શ્રી મોદીએ કહ્યું કે, તેઓ આગા ખાન સાથેની વાતચીતને યાદ રાખશે. પ્રધાનમંત્રીએ તેમના પરિવાર અને વિશ્વભરના લાખો અનુયાયીઓ અને પ્રશંસકો પ્રત્યે સંવેદના પણ વ્યક્ત કરી.

## VAISHNAW - OPEN AI CEO

માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે ઓપન AIના મુખ્ય વહીવટી અધિકારી-CEO સેમ ઓલ્ટમેન સાથે મુલાકાત કરી.

શ્રી વૈષ્ણવે કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તેમને ટેકનોલોજીનું લોકશાહીકરણ કરવા માટે માર્ગદર્શન આપે છે અને શ્રી ઓલ્ટમેને પ્રધાનમંત્રીના વિઝનની પ્રશંસા કરી. મંત્રીએ કહ્યું કે, તેમણે ઓપન AIના CEO સાથે સમગ્ર એઆઈ સ્ટેક - જીપીયુ, મોડેલ અને એપ્સ બનાવવાની વ્યૂહરચના પર ચર્ચા કરી.